સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

દેખાયના ઉમળકો છતાંય પરાણે ભેટે છે,
દાખવે દુશ્મની એને ય દિલ દઈને ભેટે છે.
ત્રિ-ભેટે ઉભી છે દ્વિધામાં આપણી વિદેશનીતિ -
હરખા ભાઈઓ તો સૌ સરખાભાઈ જ ભેટે છે.
(જાદુઈ જપ્પી નો જાદુ કામ નથી કરતો !)

હાઈકુ

સ્વાર્થ ના સર્પો,
ઘૂસી જાય રફડે -
જીભ ચાટી ને...

બનાવે ઢાલ,
હુમલા કર્યા પછી -
ટ્રંપની ચાલ

ચિંતન

જન્મમૃત્યુ હિ યાત્યેકો ભુનક્ત્યેકઃ શુભાડ્શુભમ્ ।
નરકેષુ પતત્યેક એકો યાતિ પરાં ગતિમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્ય સંસારમાં એકલો જ જન્મ લે છે, એકલો જ મૃત્યુ પામે છે. તે એકલો જ શુભ-અશુભ કાર્યો કરે છે. એકલો જ નરકમાં જાય છે અને એકલો જ પરમગતિ પ્રાપ્ત કરે છે.

માણસ જ્યારે જન્મે છે કે મૃત્યુ પામે છે ત્યારે એકલો જ હોય છે. તેવી જ રીતે તેનાં પાપ કે પુણ્યકર્મ હોય તેને પણ એકલા જ ભોગવવા પડે છે. નરકમાં જાય કે મોક્ષ પામે ત્યાં પણ એકલા જ જવાનં હોય છે. અહીં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જે મનુષ્યમં કંઈક કરી છૂટવાની શક્તિ હોય, તેને પોતે વિચારેલાં કામને પોતે જ શરુ કરવાનું હોય છે.

ઘણા લોકોને પરિવાર પર મમતા વિશેષ હોય છે - આપણે 'મારાં - મારાં' કરીએ છીએ પણ પરિવારમાં પણ સ્વાર્થની ક્ષણ આવે ત્યારે પ્રેમ છૂટી જાય છે. સત્કર્મો કે દુષ્કર્મોમાં કોઈ જ ભાગીદાર હોતાં નથી.

સુવિચાર

- જીવન ગુજારવું અને જીવન ઘડવું એ બે સાવ જુદી જ બાબતો છે - **ઓશો**
- પોતાની જાતને થોડી પણ ખરડ્યા વગર કોઈના ઉપર કાદવ ઉડાડવાનું અશક્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો તમે સંપૂર્ણતાનો આગ્રહ રાખશો તો તમારે હંમેશા હતાશા જ ભોગવવી પડશે - **પ્રકાશ ગજ્જર**
- જિંદગીમાં જ્યાં પાપને પ્રવેશ મળી શકે એમ નથી ત્યાં પૂણ્ય ને માટે અવકાશ નથી - **સંત રોબિન**
- જીવતાં આવડે એને મરતાં આવડે, જીવનકલા એ જ મૃત્યુકલા - **સુરેશ વકીલ**
- અજ્ઞાનતા નિર્દોષણપણું નથી, પણ પાપ છે - **રોબર્ટ બ્રાઉનીંગ**
- આજનું ઔષધ : એપીલેપ્સીના દર્દમાં વાવડીંગ અને પીપરનું સમભાગ ચૂર્ણ પાંચ-પાંચ ગ્રામ સવાર-સાંજ આપવાથી ફરજ જણાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

૨૩મી જુલાઈ ૧૯૨૭ ના રોજ સમગ્ર ગુજરાતમાં અતિ વરસાદ પડ્યો. તે દિવસોમાં સરદાર પટેલ અમદાવાદમાં હતા અને ગાંધીજી માંદગીને કારણે બેંગ્લોરમાં હતા. ધોધમાર વરસાદ અને વાવાઝોડામાં ખૂબ નુકશાન થયેલું હતું. લોકો એ ગાંધીજીને તાર કરીને કહેવડાવ્યું હતું. 'આ સંકટ વખતે ગુજરાતને બાપુ માર્ગદર્શનની જરૂર છે, જલ્દી આવો' ગાંધીજીએ સરદાર પટેલને તાર કરીને પૂછાવ્યું, 'ગુજરાત આવું' ત્યારે સરદારે પટેલે વાળતો તાર કરી રહ્યું, 'આપ દસ વર્ષથી અમને જે તાલીમ આપી છે તે અમે કેવી પચાવી છે અને હવે સંકટ સમયે અમે તેનો અમલ કરીએ છીએ એ જોયું હોય તો ન આવશો.'

અને સરદાર આખા ગુજરાતમાં તેમના કાર્યકર્તાઓ સ્વયંસેવકો સાથે નીકળી પડ્યા. અમલદારો, કર્મચારીઓ સાથે ખૂબ સહકારથી હળીમળીને કામ કર્યું, અને ઉત્તમ વ્યવસ્તા શક્તિથી લોકોના દિલ જીતી લીધા. આ જોઈને એ વખતના અંગ્રેજ વડા મિસ્ટર ગેરેટે સરદારને અભિનંદન આપતા કહ્યું, 'આટલા સારા કામ માટે તમને સરકાર કંઈક માન ચાંદ આપે એવી હું ભલામણ કરું છું, તમને કંઈ વાધો છે?' સરદાર પટેલ જવાબ આપતા કહ્યું, 'હું એવા માન ચાંદથી આધો જ સારું છું, સારા કાર્યો સૈવા ના કામમાં આનંદ છે, અને કોઈ કીર્તિ કે જાહેરાતની મને કંઈ જરૂર નથી.' અંગ્રેજે મનોમન સરદાર પટેલને વંદન કર્યા.

રાજપુરુષનો નિવૃત્તિ સમયનો સંકેત

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ નિવૃત્તિની ઘડીઓ ગણાઈ રહી છે તે સમયગાળામાં એક તરફ જીએસટી કાનૂનની પ્રશંસા કરી તો બીજી તરફ જીએસટી કાનૂનની પ્રશંસા કરી તો બીજી તરફ નહેરુના ડ્રીમ પ્રોજેક્ટ સમા કોંગ્રેસી અખબાર 'નેશનલ હેરાલ્ડ'ના આઝાદીની ૭૦મી વર્ષગાંઠ પૂર્વે પ્રકાશિત કરાયેલ વિશેષાંકનું લોકાર્પણ કર્યું. આ એક ઐતિહાસિક પ્રસંગ હતો જે કોંગ્રેસની પડતીના દિવસોમાં એના માટે અમૃત સંજીવનની પુરવાર થઈ શકે એમ છે. 'નેશનલ હેરાલ્ડ' ચાલુ કરાયું, કાળક્રમે બંધ કરાયું અને વળી પાછું પુનઃ પ્રકાશિત કરાયું તેની પાછળનો ઘટનાક્રમ કોંગ્રેસની વિવિદ સમયે વિવિધ પ્રકારની માનસિકતા અને એના અંતર્નિહિત સંઘર્ષનો દ્યોતક છે. પ્રણવ મુખર્જી સુવિદિત છે કે નેશનલ હેરાલ્ડ મુદ્દે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ અદાલતી કાર્યવાહી ચાલી રહી છે. તેઓ આ મુદ્દે ખુલ્લી રીતે નહેરુ ગાંધી પરિવારની સાથે હોય એવું અર્થઘટન ઉપરોક્ત સમારોહમં એમની વિશેષ ઉપસ્થિતિમાંથી નીકળે છે. આખરે પ્રણવ મુખર્જી જે કંઈ છે કે હતા કે કોંગ્રેસને લીધે હતા અને છે. એક અદના બંગાળી પ્રોફેસરની મેધાથી આકર્ષાઈને ઈંદિરા ગાંધીએ એમને બારોબાર ગુજરાતમાંથી રાજયસભામાં ચૂંટાવી લાવી કેન્દ્રીય કેબિનેટમાં અગત્યની જવાબદારી સોંપી હતી. પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિ પદની ગરિમાને લેશ પણ પણ આંચ ન આવે એ રીતે વિરુદ્ધ વિચારધારા ધરાવતી વિજેતા પાર્ટીના નેતાને વડાપ્રધાનપદના શપથ લેવડાવ્યા એટલું જ નહીં, જયારે જયારે જરૂર પડી ત્યારે એમને સંયમિત ભાષામાં આડકતરી રીતે ટપાર્યા પણ ખરા અને વખાણ્યા પણ ખરા. પોતાનું નામ લઈને વારંવાર નરેન્દ્ર મોદી બંગાળની પ્રજા સમક્ષ પ્રણવ બાબુને વડાપ્રધાનપદથી વંચિત રખાયા હોવાની વાત છેડતા રહ્યા છે એમને ગમ્યું નથી. એથી થોડા વખત પહેલાં એમણે સ્પષ્ટતા કરી હતી કે મારામાં આવડા મોટા દેશના વડાપ્રધાન બનવાની લાયકાત હતી જ નહીં. મને સરખું હિંદી બોલતાં પણ નથી આવડતું. એટલે વડાપ્રધાન બનવાનું મને કદાપિ સપનું પણ નહોતું આવ્યું. આવું નિવેદન કરીને પ્રણવદાએ મોદીને આડકતરો છતાં સણસણતો જવાબ જ આપી દીધો ગણાય. જયાં જઘન્ય અપરાધોના ગુનેગારોની દયાની અરજી રદ કરવા જેવા આકરા નિર્ણયો લેવાના આવ્યા ત્યાં એ કયારેય અવઢવમાં નથી રહ્યાં. વળી ધાર્યું હોત તો પોતાના આ સર્વોચ્ચ પદના કાર્યકાળમાં એ પણ 'અરાઉન્ડ ધ વર્લ્ડ' ઊડતા રાષ્ટ્રપતિનું બિરુદ મેળવી શક્યા હોત. પરંતુ એમણે બિનજરૂરી પ્રવાસો કરી દેશની પ્રજાની પરસેવાની કમાણી વેડફી નથી તે મુદ્દો પણ એમના પ્રત્યે આદર ઊપજાવે છે. સાંપ્રદાયિક ઘટનાઓ વખતે તેઓ મૌન રહ્યા નથી, બલકે 'નેશનલ હેરાલ્ડ' ના સોનિયા ગાંધી અને ડૉ. મનમોહનસિંહ સહિતના વરિષ્ઠ કોંગ્રેસી આગેવાનોની હાજરીવાળા કાર્યક્રમમાં પણ એમણે ટોળાશાહી કરી નિર્દોષોનું મોત નીપજાવનારા લોકો પ્રત્યે રોષ પ્રગટ કર્યછે. બંધારણે બક્ષેલો જીવવાનો મૂળભૂત હક્ક કાયદો હાથમાં લઈને જયારે શંકાના આધારે જ માણસોનું ટોળું બેરહેમીપૂર્વક છીનવી લે છે ત્યારે લોકતંત્ર કલંકિત થાય છે. અહીં કોઈ સંપ્રદાય કે ધર્મનો ઉલ્લેખ કર્યા વિના જ એમણે કહેવાતા ગૌરક્ષકો દ્વારા થતા લઘુમતી કોમની વ્યક્તિઓ પર થતા સામૂહિક હુમલાઓ તરફ અંગુલી નિર્દેષ કર્યોછે. આ જ મુદ્દે વડાપ્રધાને પણ થોડા સમય અગાઉ એમની સંવેદના પ્રગટ કરી હતી. રાષ્ટ્રપતિ પદની મર્યાદા જાળવીને પ્રણવ મુખર્જીએ કરેલી આ ટકોર વર્તમાન શાસકોએ ગાંઠે બાંધવા જેવી છે. વળી નિવૃત્તિ પછી પણ પ્રણવ મુખર્જી મૃતપ્રાય થયેલી કોંગ્રેસને પુનઃ સક્રિય કરવા આડકતરી રીતે માર્ગદર્શનના રોલમાં પ્રયત્નશીલ રહેસે, એવો સંકેત પણ એમની આ પ્રકારની સ્પષ્ટ વિચારધારામાંથી સાંપડે છે.

હિન્દુ વારસા અધિનિયમ કલમ ૬ મુજબ મિલ્કતમાં વિભાજનનો સ્ત્રીનો અધિકાર છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સંયુકત કુટુંબની મીલ્કતમાં મીલ્કતના ધારણ કરતા પોતાના અવિભક્ત હિસ્સાની વસીયતી નિકાલ કર્યા સીવાય અવસાન પામ્યા હોય તો હિન્દુ વારસા અધિનિયમની કલમ ૬ મુજબ તે વ્યક્તિના વિશેષ અધિકારોમાં દખલગીરી કરતો નથી મીલ્કતના માલીકના મૃત્યુબાદ સ્ત્રી વારસા માટે તેના હિતમાં એક હિસ્સો સુરક્ષીત રાખવાનો પ્રયત્ન કરે છે તે હદ સીવાય કલમ ૬ નો પ્રબંધક ત્યારે અમલી બને છે જયારે મૃતકે તેની હયાતી બાદ પાછળ એક દિકરી અને સીધી લીટીના વારસદાર નિયમ ૧ મુજબ સ્ત્રી વારસદાર છોડી હોય.

સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા પ્રચલીત છે કે જો વારસાગત મીલ્કત પુરૂષ દ્વારા કબજામાં ધારણ કરેલ હોય તો કોઈપણ સ્ત્રીને વારસાઈ મીલ્કત વિભાજન કરવાનો હક્ક અધિકાર મોકુફ રહે છે જયાં સુધી પુરૂષ વારસો હિન્દુ વારસા અધિનિયમની કલમ ૨૩ મુજબ સંબધિત મીલ્કતના હિસ્સાઓનું વિભાજન કરવાનું પોતે પસંદ ન કરે ત્યાં સુધી કુટુંબની પરણિત દિકરી હોવાથી તેણે પોતાનો હિસ્સો માંગવાનો હક્ક અધિકાર નથી.

પરંતુ હિન્દુ વારસા અધિનિયમમાં સુધારા પછી રહેણાંક મકાનવાળી મીલ્કત પણ કુટુંબની પરણિત દિકરી પોતાના હિસ્સાના વિભાજન માટે હક્કદાર ગણાય છે. આ સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટની ખંડપીઠે રમેશ વર્મા (મૃતક) કેસમાં પ્રસ્થાપિત કરી હુકમ આપેલ છે.

રમેશ વર્મા અને તેમના વારસદારો વચ્ચે કૌટુંબીક મીલ્કતના વારસાઈ હક્ક અંગે ચાલતો કેસ છેવટે સુપ્રિમ કોર્ટ સુધી પહોંચતા સંયુકત હિન્દુ કુટુંબની તરફેણમાં ૧/૧૨ હિસ્સાના સ્થાને અરજદાર સ્ત્રીને ૧/૩ ભાગનો હિસ્સો હોવાનું ઠરાવેલ નામદાર કોર્ટ એવા તારણ ઉપર આવેલ કે હિન્દુ વારસા અધિનિયમની કલમ ૬ મુજબ અવસાન પામનાર પિતા કુટુંબના સભ્ય વસીયત કર્યા સીવાય પોતાની પાછળ અવિભક્ત મીલ્કત છોડીને ચાલ્યા ગયા હોય તેમાં કુટુંબની પરણિત દિકરીને વરસાઈ હક્ક અધિકાર છે. નામદાર કોર્ટે ઠરાવ્યું કે એક વસીયતને અન્ય કોઈ દસ્તાવેજની માફક જ વારસા અધિનિયમ અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ સાબીત કરવી જરૂરી છે. વસીયત સાબીત કરવાનો બોજો વસીયત કરવાની ક્ષમતા પણ ફરજીયાતપણે સાબીત થવી જોઈએ. વસીયત કરતા દ્વારા વસીયત કરાયાની હક્કિત સાબીત કરવી જોઈએ ઓછામાં ઓછા એક શાખ (સાક્ષી) કરનાર સાક્ષી વસીયત કરાવવાનું સાબીત કરવાના હેતુ માટે તપાસવો જરૂરી છે એવું દર્શાવવું જરૂરી છે કે વસીયત કરતા દ્વારા પોતાની સ્વેચ્છાએ વસીયતમાં સહિ કરવામાં આવેલ છે અને એ તે સમયે સહિ કરનાર સ્વસ્થ્ય માનસીક સ્થિતિમાં હતા અને મીલ્કત વ્યવસ્થાના પ્રકાર અને વ્યવસ્થાને સમજીને કરેલ હતું એ સાબીત કરવું પણ અતિ જરૂરી છે કે બે સાક્ષીની રૂબરૂમાં વસીયત કરતાએ સહિ કરેલ છે અને વસીયત કરતાની હાજરીમાં બે સાક્ષીએ પણ રૂબરૂમાં જ સહિઓ કરેલ છે માત્ર જયારે શંકાસ્પદ સંજોગો અસ્તિત્વમાં હોય ત્યારે તેવી વસીયત સાચી વસીયત તરીકે સ્વીકારવામાં આવે તે પહેલા કોર્ટને સંતોષ થાય તેટલી હદ સુધી તેવા સંજોગો અંગે ખુલાસો કરવાનો બોજો વસીયત રજુ કરનાર વ્યક્તિની ઉપર રહે છે.

વસીયત કરાયાની હક્કિત ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૮ ના અનુસંધાનમાં સાબીત થવી અતિ આવશ્યક છે તેથી નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે હિન્દુ વારસા અધિનિયમની કલમ ૨૩ માં આવતા રહેણાંક મકાનવાળી મીલ્કત આખે આખી કબજેથી ધરાવાયેલ મીલ્કત એવી અભિવ્યક્તિ મહત્વ ધરાવે છે.

જયારે પુરાવામાં એવું જણાવેલ છે કે મકાનવાળી મીલ્કત કુટુંબના સભ્ય દ્વારા આખેઆખી કબજાથી ધરાવેલી નથી મીલ્કત વિભાજન માટે ઉપરલબ્ધ હોવી જરૂરી છે તેથી અરજદાર ૧/૩ મીલ્કત ધારણ કરવા હક્ક અધિકાર હોય તેના વારસદારને ૧/૩ ભાગના હિસ્સે જ હિન્દુ વારસા અધિનિયમ કલમ ૬ તથા ૨૩ મુજબ મળવાપાત્ર છે પછી તે ભલે હિન્દુ પરણિત પુત્રી જ કેમ ના હોય તેથી સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટના પુરાવાને તારણ તરીકે ગણી યોગ્ય ગણાવી અપીલને રદ કરી હુકમ કરેલ કે મૃતકના વારસદાર ૧/૩ ભાગની મીલ્કત મેળવવા હક્કદાર છે કલમ ૬ મુજબ હિન્દુ વારસા અધિનિયમ અમલમાં આવ્યા બાદ અવસાન પામનાર મીતાક્ષરી સંમાશીત

અનુસંધાન પાના નં. ૭ પર

કાલ ક્યાં ટપકી પડે છે એકદમ ? આજના ખોળે તો મોટી થાય છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

તોડવા લાગણીનું ફૂલ
પાછું જવાનું સ્કૂલ?
૧ + ૧ હજુય બે થાતા
ત્રિકોણ પર ચોરસ
હજુય ના ગોઠવાતા
સાહેબને ય દાખલામાં પડે છે હવે ભૂલ
તોય પાછું મારે આજે જવાનું સ્કૂલ?
રોટલા ટીપતા શીખવાડે ના
ખાડો ખોદતા આવડે ના
જીવનનું તો ના નામોનિશાન
બુદ્ધિનું તો જાણે માંગે દાન
વાતો ના આવી આપણને, તમારી અનુકૂલ
ને તોય પાછું મારે, આજે જવાનું સ્કૂલ?
બની શક્યો હતો માણસ
ને બન્યો હું નોકરિયાત
ચાર કાગળીયાની ફાઈલનો
હું તો જાણે આંગળિયાત
નીકળ્યો તો લેવા શિક્ષણ, ને બની ગયો fool
ને તોય પાછું મારે, આજે જવાનું સ્કૂલ?

- અનિલા શાહ

આપણી શિક્ષણ પદ્ધતિ અને એના ફાયદા-નુકસાન કે સારા-નબળા પાસા વિષે અનેક ચર્ચાઓ થઈ ચૂકી છે. સમયાંતરે એમાં ફેરફારો પણ થયા છે. કયારેક આ ફેરફારો ખૂબ સફળ તો કયારેક સાવ નિષ્ફળ પણ રહ્યા છે. આપણે ત્યાં કોઈ પણ વ્યક્તિની કારકિર્દીનો સમગ્ર આધાર માત્ર અને માત્ર તેના 12thના રીઝલ્ટ પર રહેલો છે. ઘણીવાર પરિસ્થિતિ, સમય, સંજોગો અને ભાગ્ય આ તમામ પરિબળોને કારણે કયારેક શરુઆતથી જ ભણવામાં અગ્રેસર રહેનાર વિદ્યાર્થીનું ધાર્યું પરિણામ ન પણ આવે એવું બને ત્યારે તેને હારી ગયાનો અહેસાસ થાય છે. આજે વાત આ શિક્ષણવ્યવસ્થાની કે વિદ્યાર્થીની નિરાશાની કે હતાશાની નથી કરવી. વાત છે સંયુકત કુટુંબ અને વિભક્ત કુટુંબની!

આ વાત મહત્ત્વની એ માટે ગણાય કારણ કે બાળકની શાળાજીવનની સફરની સાથોસાથ જીવનના પાઠ ભણાવતી એક અન્ય પાઠશાળા છે. તેની આસપાસ રહેતી વ્યક્તિઓ - બા, દાદા, કાકા, કાકી, ફોઈ, ફુઆ, મામી કે માસી. જો કે, આજના આ યુગમાં મા-બાપ બંને પોતપોતાના કામમાં વ્યસ્ત હોય અને મોટા-ભાગે સંયુક્ત કુટુંબમાં પણ ન રહેતા હોય. માટે જાણે - અજાણ્યે અન્ય બાબતોની જેમ બાળકના ઉછેરની આ બીજી મહત્ત્વની શિક્ષણસંસ્થા પણ 'ઈન્ટરનેટ' બની બેસે છે. બાળક તેની આસપાસના મિત્ર તેમજ 'ઈન્ટરનેટ' પરથી સારી-નરસી તમામ બાબતો શીખવા લાગે છે અને સમય જતાં મા-બાપની સાથોસાથ બા-દાદા અને કુટુંબના અન્ય અંગત વ્યક્તિઓથી પણ દૂર થતું જાય છે. આપણે આજકાલ ઘણા લોકોને કહેતા સાંભળ્યા છે કે બા-દાદા નાના-નાની કે કાકા-કાકીના ઘરે મહિનામાં એકાદ વખત જવા માટે પણ બાળકો મા-બાપને ઘસીને ના પાડી દે છે. ઘરે કયારેક કોઈ મહેમાન ભૂલેચૂકેય આવી ચડે તો બાળકને પહેલો પ્રશ્ન એ હોય કે આ કયારે જશે? આવા સમયે આપણે બાળક પર છણકો કે ગુસ્સો કરીને તેને ચૂપ કરાવી દઈએ છીએ. પણ ખરેખર તેના આવા વર્તન પાછળના જવાબદાર પરિબળો વિષે વિચારવાની વધુ જરૂર છે.'

વિભક્ત કુટુંબ એ સમયની માંગ હોવાને કારણે જરૂરી બન્યું છે. ત્યારે જો જાગૃત વડીલ તરીકે પરિવારના સૌ સભ્યો સાથે બેસીને થોડા સહિયારા પ્રયત્નો કરે તો આ 'જનરેશન ગેપ' ને ઘટાડી શકાય. મહિનામાં એકાદ વખત દાદા, કાકા, મામા કે નાના બાળકને પોતાની એક સાંજ આપે અથવા અમુક કલાકો તેની સાથે વિતાવે તો ધીરે-ધીરે બંને વચ્ચે મિત્રતાનો સેતુ બંધાતો જશે. પૈસાથી ખરીદી ન શકાય એવી કુદરતી વસ્તુઓ અને તેનું મહત્ત્વ બાળકને સમજાય એ માટે આપણે પોતે જ એટલા સમય પૂરતું મોબાઈલ, ટીવી કે થિયેટરથી દૂર રહીને બાળક સાથે મિત્રની જેમ વાતો કરીએ તો બાળક તમારી નજીક ચોક્કસથી આવતું જણાશે. કયારેક કોઈ બગીચામાં, કોઈ પાર્કમાં, કોઈ નાનકડી ટેકરી પર વહેલી સવારે કે કયારેક સાઈકલ પર તેની જોડે રેસ લગાડીને તેની ઉંમર પ્રમાણેનું વર્તન કરવામાં આવે તો તેની મનોદશાને સારી રીતે સમજી શકાશે.

મોટાભાગે બા-દાદા કે ઘરના વડીલો બાળકને સલાહ આપ્યા કરે અથવા પોતાના અનુભવો મ્હેણાં-ટોણાંના સ્વરુપે સંભળાવ્યા કરે જેનાથી બાળક અકળાઈ જાય અને તેમનાથી દૂર થતો જાય. પરંતુ, જો વડીલો દ્વારા કંઈક એવો પ્રયાસ કરવામાં આવે કે કોઈ નાની વાર્તા કે કોઈ રમૂજના સ્વરુપમાં સહજતાથી તેઓ પોતાની વાત બાળકો સુધી પહોંચાડી શકે તો બાળકોને તેમની વાત ગળે ઊતરી જશે. આજકાલની જનરેશન ટેકનોસેવી છે એમ મોઢું બગાડીને કહેવા કરતા અમારું બાળપણ સાવ બોરીંગ હતું એમ કહીને બાળપણની અવનવી રમતો બાળકોને જણાવવામાં આવે તો તેને તરત તે પ્રકારની રમત રમવાની ઈચ્છા થશે જ. ભારત દેશ અને તેનો ગરિમાપૂર્ણ ભવ્ય વારસો તેમજ આપણા પૂર્વજો વિષે વાર્તાના સ્વરુપે બાળકને જણાવવામાં આવે તો તે આ બધી બાબતોમાંથી જીવનનું સાચું શિક્ષણ મેળવી શકશે. ડિપ્રેશન, પ્રેશર, ટેન્શન જેવા સમયમાં પણ બાળક પોતાની વાત સહજતાથી કહી શકે એવો સંબંધ પરિવારના જ કોઈ સભ્ય સાથે કેળવાયેલો હોય તો બહારના દૂષણો અને ભયસ્થાનોથી તેને બચાવી શકાશે. યુવાન થયા બાદ પણ બોયફ્રેન્ડ કે ગલફ્રેન્ડની 'ડેટ' ની જેમ જો 'બા-દાદા' કે 'કાકા-મામા' સાથેની તેની 'ડેટ' નિયમિતપણે યોજાતી રહે તો કુટુંબમાં સદાય સુમેળભર્યું અને પ્રેમપૂર્ણ વાતાવરણ જળવાયેલું રહેશે. આપણે આપણા પ્રૌત્ર-પ્રૌત્રી સાથેની મુલાકાતને એટલી ગંભીરતાથી લઈએ કે તેના માટે બનતા તમામ પ્રયાસો કરીએ. શું પહેરવું, શું ખાવું અને શું વાત કરવી એનો બધો ખ્યાલ રાખીએ તેને જીવનની યાદગાર ક્ષણોમાંથી એક બનાવવાના તમામ પ્રયાસો કરીએ તો બાળક પણ આતુરતાથી વડીલને પૂછશે કે આ રીતે હવે ફરી કયારે મળીશું? આ પ્રયત્ન ભલે નાનો પણ ચોક્કસ અસરકારક નીવડશે.

Last Seen :

કાલ ક્યાં ટપકી પડે છે એકદમ?
આજના ખોળે તો મોટી થાય છે.

- ડૉ. મુકેશ જોષી

- nehalgadhavi101@gmail.com

સાપે છછૂંદર ગળ્યા જેવી અવસ્થામાં ગુજરાત કૉંગ્રેસ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ક્યારેક ગુજરાતમાં જનસંઘ-ભાજપની રાજકીય પાયાભરણી કરનાર શંકરસિંહ વાઘેલા અત્યારે કૉંગ્રેસ માટે 'સાપે છછૂંદર ગળ્યા' જેવી સ્થિતિ સર્જી રહ્યા છે એટલું જ નહીં, એમની દ્વિધા પણ એક બાજુ ખાઈ અને બીજી બાજુ કૂવામાં ધસી પડવા જેવી છે. બળવાખોરી બાપુનો એટલે કે શંકરસિંહનો સ્થાયી સ્વભાવ છે. પછેડી ખંખેરી નાંખીને ઊભા થઈ જવાની એમની પ્રકૃતિએ એમને લાભાલાભના રાજકીય માહોલમાં રમમાણ રાખ્યા છે, પણ આજે ૭૭ વર્ષની ઢળતી ઉંમરે બાપુને ભારે અકળામણના વાતાવરણમાં પોતાના કરતાં રાજકીય વારસ-પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાના

- સંઘ-ભાજપ ગોત્રના શંકરસિંહ ઉલાળિયાં કરી ભાજપના તારણહાર થવાના મૂડમાં
- બાપુની ચોટલી મોદીના હાથમાં હોવાથી કૉંગ્રેસમાં રહીને અરણ્યરુદન ચાલુ રાખ્યું
- સમર્થકોના ગાંધીનગર સંમેલન કર્યું,પણ હજુ રાહુલબાબાને મળ્યા પછી નિર્ણયનું રટણ
- રાજકીયવારસ મહેન્દ્રસિંહનું ભવિષ્ય ચમકાવવા જતાં કેશુભાઈના ભરતવાળી થવાની ચિંતા

ભવિષ્યને ચમકાવવા માટે ભગવી બ્રિગેડના લાભમાં ખેલ કરવા વિવશ કરી દીધા છે. બેફામ નિવેદનો કરવાની એમની પ્રકૃતિએ ગુજરાતમાં ભાજપની બાંધણી કરીને એને સત્તા સુધી પહોંચાડ્યા પછી સત્તાની આભડછેટનો અનુભવ કરાવ્યો. ૧૯૯૫ના માર્ચમાં શંકરસિંહે તો કેશુભાઈ સાથે મળીને ભાજપને ગાંધીનગરની ગાદીએ એકલેહાથે પહોંચાડવાનું પુણ્યકાર્ય કર્યું, પણ પ્રદેશના આ ટોચના નેતાની કેશુભાઈ સાથે નરેન્દ્ર મોદી (એ વેળાના સંઘ પ્રચારકની રુએ પ્રદેશ ભાજપના મહામંત્રી-સંગઠન અને પોતાને 'ચાણક્ય' ગણાવનાર)ની યુતિએ નાગપુરના કથિત ઈશારે એવી તે અવગણના કરી કે ભાજપનાં બે ફાડિયાં થયાં. ક્યારેક સાઈકલયુગમાં વિહરતા જનસંઘ-ભાજપને ખજુરાહોકાંડ વખતે વિમાને ચઢીને બળવાખોરીનાં વરવાં દર્શન કરવાનો વખત આવ્યો. અંતે બાપુએ કૉંગ્રેસના શરણે જવું પડ્યું.

લગભગ બે દાયકાથી શંકરસિંહ કૉંગ્રેસમાં હોવા છતાં મૂળ કૉંગ્રેસીઓ એમની આભડછેટ રાખે છે. પ્રાદેશિક પક્ષ રાષ્ટ્રીય જનતા પાર્ટી (રાજપા) રચી જોયો, પણ એની ઠાઠડી ઊઠાવનારા ચાર ડાઘૂ જેવા રોકડા ચાર ધારાસભ્યો ચૂંટાતાં પક્ષ ચલાવતાં થાકી ગયેલા બાપુએ એનો વાવટો સંકેલીને કૉંગ્રેસગમન કર્યું. આમ પણ કૉંગ્રેસના ટેકે મુખ્યમંત્રી પદ મેળવ્યા પછી કૉંગ્રેસે એમના શાસનના ભ્રષ્ટાચાર અંગે એટલું લાંબુ આવેદન રાજભવને પહોંચાડ્યું હતું કે હજુ આજે આટઆટલાં વર્ષે પણ એમને અડધી રાતેય રાજભવને કોણ ગયું હતું, એ સ્વપ્નાંમાં આવે છે. કૉંગ્રેસે કેન્દ્રમાં કાપડ મંત્રી બનાવ્યા પણ નેશનલ ટેક્સ્ટાઈલ કોર્પોરેશન (એનટીસી)ની જમીનો વેચવાના કાંડમાં ક્યારેક એમના સાથી રહેલા નરેન્દ્ર મોદીએ વડા પ્રધાન બન્યા પછી 'વસંત વગડો' નામધારી મહાલયમાં દરોડા પડાવ્યા. વાતનો વીંટો વળ્યાનું લાગે, પણ સરકારી ફાઈલોને ગમે ત્યારે પગ આવે છે. વડા પ્રધાન મોદી દોસ્તો અને દુશ્મનોને નહીં ભૂલવા માટે જાણીતા છે. બાપુનાં મોદી વિશેનાં જાતિવાચક નામો એ ગળે મળે ત્યારે પણ વીસરી શકે નહીં. વર્ષ ૨૦૦૪માં કેન્દ્ર સરકાર કૉંગ્રેસની હતી ત્યારે શંકરસિંહે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને જેલભેગા કરવાની કરેલી. આ ટાણે મોદીનું સુરક્ષાકવચ '૧૦, જનપથ'ના લાડકા એહમદ પટેલ બન્યા હતા. બાપુને મોદી તો નડે જ છે,પણ કૉંગ્રેસમાં પક્ષ પ્રમુખના રાજકીય સલાહકાર એહમદ પટેલ વધુ નડે છે. ગુજરાત કૉંગ્રેસને દિલ્હીમાં બેઠાં રાજકીય સલાહકાર નર્તન કરાવે છે અને ડૂબાડવાની દિશા ભણી કૂચ પણ કરાવી રહ્યા છે. કૉંગ્રેસના મોવડીમંડળની વિવશતા હશે કે એહમદ પટેલ અને ગુજરાત કૉંગ્રેસના પ્રમુખ ભરતસિંહ માધવસિંહ સોલંકી વિરુદ્ધની ફરિયાદો કરવા બાપુ દિલ્હી જાય ત્યારે, ડેલીએ હાથ દઈને, એ જ એહમદ પટેલને મળીને પાછા ફરવું પડે છે. બાપુ ધૂંધવાયા છે.ચોટલી તો મોદી હાથ છે. દીકરા મહેન્દ્રસિંહનું ભાવિ ઉજ્જવળ કરવું છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના રાજકીય વારસ એવા એમના પુત્ર ભરત દેસાઈને ભાજપના તપતા સૂરજ વખતે પણ પરાજિત થવાનો વખત આવે એના સૂચિતાર્થો વસંત વગડાની વૈભવી સાહ્યબીમાં પણ શંકરસિંહની અકળામળ વધારે છે.

કૉંગ્રેસનું મોવડીમંડળ ગુજરાતના નવા પ્રભારી અને રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતને 'વસંત વગડે' દોડાવ્યા કરે છે. બાપુને ટાઢા પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, પણ જેમ ૧૦, જનપથની ગરજનાં વધુ દર્શન થાય છે એમ બાપુ ફૂંગરીને વધુ બેપાંદડે થયા કરે છે. દિલ્હીમાં સોનિયા ગાંધી કે રાહુલ ગાંધીને મળીને બાપુ કે એમના શાહજાદા મહેન્દ્રસિંહ ખાલી હાથે પાછા ફરી વળી ફૂંગરે છે. એમની માગણીઓ વધતી ચાલે છે. ગુજરાત કૉંગ્રેસના પ્રમુખને બદલવાની ભૂમિકા આગ્રહપૂર્વક મૂકે છે. મીડિયા સમક્ષ સબસલામતની બાંગ પોકારે છે, પણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના ચાના પ્યાલા ભર્યા ત્યારથી બાપુ આરપારના આગ્રહી બનતા ચાલ્યા છે. પોતાનું ભવિષ્ય ભાજપમાં નહીં હોવા છતાં સત્તારૂઢ ભાજપના ટેકા વિના ના તો દીકરાનું ભવિષ્ય ચમકાવી શકાય કે ના યુનિવર્સિટીનું સુપેરે સંચાલન થઈ